# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-11-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે 60માં અખિલ ભારતીય પોલીસ મહાનિદેશકો અને મહાનિરિક્ષકોના સમ્મેલનની અધ્યક્ષતા કરશે - વિવિધ સત્રોમાં ભાગ લેશે.

2) સંસદના શિયાળુ સત્ર પહેલા સરકારે આવતીકાલે સર્વપક્ષીય બેઠક બોલાવી

3) શ્રીલંકામાં ચક્રવાત દિત્વાહને કારણે 69 લોકોના મોત - 34 લાપતા - ભારતે ઓપરેશન સાગર બંધુ હેઠળ સહાય મોકલી.

4) 56માં આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવનું ગોવામાં એવોર્ડ સમારોહ સાથે સમાપન

5) તન્વી શર્મા, ઉન્નતિ હુડા અને કિદામ્બી શ્રીકાંત- સૈયદ મોદી આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન સ્પર્ધાની સેમિફાઇનલમાં પહોંચ્યા.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MORN-HM-SHAH-DGP-IGP-CONF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે 60મા અખિલ ભારતીય પોલીસ મહાનિદેશકો અને મહાનિરીક્ષકોના સમ્મેલનનું અધ્યક્ષ પદ સંભાળશે. પ્રધાનમંત્રી આજે અને આવતીકાલે વિવિધ સત્રોમાં ભાગ લેશે. પ્રધાનમંત્રી વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ પોલીસ ચંદ્રકો પણ એનાયત કરશે.

ગૃહમંત્રી અમિત શાહે ગઇકાલે છત્તીસગઢના રાયપુરમા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ ખાતે આ સમ્મેલનનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે આ સમ્મેલન દેશની આંતરિક સુરક્ષા પડકારો પર ચર્ચા કરવા એક મહત્વપૂર્ણ મંચ છે.

નક્સલવાદ અંગે શ્રી શાહે કહ્યું કે આગામી સમ્મેલન પહેલા દેશ નક્સલવાદના ખતરાથી સંપૂર્ણપણે મુક્ત થઈ જશે.

# GOVT - ALL PARTY

સોમવારથી શરૂ થઈ રહેલા સંસદના શિયાળુ સત્ર પહેલા સરકારે આવતીકાલે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. આ બેઠકમાં સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ સંસદના બંને ગૃહોના રાજકીય પક્ષોના નેતાઓને મળશે.

આ બેઠક દરમિયાન, સરકાર સત્ર દરમિયાન લોકસભા અને રાજ્યસભાનું સુચારુ સંચાલન સુનિશ્ચિત કરવા માટે તમામ રાજકીય પક્ષોનો સહયોગ માંગશે. શિયાળુ સત્ર આવતી એકથી 19 ડિસેમ્બર સુધી યોજાશે. આ સત્ર દરમિયાન, ઘણા મહત્વપૂર્ણ કાયદાઓ પર ચર્ચા અને પસાર થવાની અપેક્ષા છે.

# EC-TMC

ચૂંટણી પંચે તૃણમૂલ કોંગ્રેસની SIR અંગેની આશંકાનું ખંડન કરતા TMC પ્રતિનિધિમંડળ દ્વારા લગાવાયેલા આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના ચાલી રહેલી SIR કામગીરી અંગે રાજ્યસભા સાંસદ ડેરેક ઓ'બ્રાયનના નેતૃત્વમાં 10 સભ્યોનું પ્રતિનિધિમંડળ ગઈકાલે નવી દિલ્હીમાં ચૂંટણી પંચને મળ્યું હતું.

પંચે પ્રતિનિધિમંડળને નવ ડિસેમ્બર પછી દાવા અને વાંધા રજૂ કરવા કહ્યું હતું. પંચે કહ્યું કે, રાજકીય પક્ષે બૂથ લેવલ અધિકારીઓ, ચૂંટણી નોંધણી અધિકારીઓ અને જિલ્લા ચૂંટણી અધિકારીઓની સ્વતંત્ર કામગીરીમાં દખલ ન કરવી જોઈએ.

# CYCLONE DITVAH

શ્રીલંકામાં ચક્રવાત દિત્વાહને કારણે 69નાં મોત થયા છે, 34 વ્યક્તિ ગુમ થયા છે. ચક્રવાતને કારણે બે લાખ વધુ લોકો પ્રભાવિત થયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ અંગે શોક વ્યક્ત કરી શ્રીલંકાને ટેકો આપવા ભારતની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી છે.

વ્યાપક પૂર અને ભૂસ્ખલનને કારણે પરિવહન, વીજ પુરવઠો અને આવશ્યક સેવાઓમાં ગંભીર વિક્ષેપ પડ્યો છે. ભારતે ઓપરેશન સાગર બંધુ હેઠળ કટોકટી સહાયનો વિસ્તાર કર્યો છે. 80 ટન આરોગ્ય પુરવઠો વહન કરતું એક ખાસ વિમાન આજે વહેલી સવારે શ્રીલંકા પહોંચ્યું. વાવાઝોડું દિત્વાહ છેલ્લા છ કલાક દરમિયાન શ્રીલંકાના પશ્ચિમ વિસ્તારમાં લગભગ 40 કિલોમીટર દૂર ઉત્તર-પશ્ચિમ તરફ 7 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું છે.

આ વાવાઝોડું આવતીકાલ સવાર સુધીમાં શ્રીલંકાથી આગળ વધીને ઉત્તર તમિલનાડુ અને દક્ષિણ આંધ્ર કિનારા નજીક દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડી સુધી પહોંચવાની સંભાવના છે. ચેન્નાઈ અને શ્રીલંકા વચ્ચેની ફ્લાઇટ્સનું સંચાલન પ્રભાવિત થયું છે.

તમિલનાડુમાં પૂર્વ તૈયારીઓ અંગે સાંભળીએ એક અહેવાલ...........

V/C: SHASHANK JOY

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં  વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 128મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# IFFI-FINAL-STORY

**56મો આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ IFFI ગઈકાલે ગોવાના શ્યામા પ્રસાદ મુખર્જી સ્ટેડિયમ ખાતે પુરસ્કાર વિતરણ સાથે સમાપ્ત થયો. અભિનેતા રજનીકાંતને છેલ્લા 50 વર્ષમાં ભારતીય સિનેમામાં અમૂલ્ય યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. વિયેતનામની એશલે મેફેર દ્વારા દિગ્દર્શિત ફિલ્મ સ્કિન ઓફ યુથને ધ ગોલ્ડન પીકોક એવોર્ડ એનાયત થયો છે.**

**સમારોહમાં સંબોધન કરતાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને જણાવ્યું કે, IFFI મહિલાઓ અને યુવા સર્જકોને સશક્ત બનાવવામાં સફળ રહ્યો છે. તેમણે કહ્યું, સશક્તિકરણ અને સમાવેશીતા તરફના એક મજબૂત પગલામાં મહિલા દિગ્દર્શકો દ્વારા બનાવેલી 50 ફિલ્મો ફિલ્મ મહોત્સવમાં પ્રદર્શિત કરવામાં આવી.**

મંત્રાલયના સચિવ સંજય જાજુએ આ વર્ષે વેવ્ઝ ફિલ્મ ક્ષેત્રમાં કૃત્રિમ બુદ્ધિમત્તા AI અને સર્જનાત્મક ઉદ્યોગોમાં વિક્રમજનક રોકાણો પર ચર્ચા કરી, અને આ વર્ષના IFFI ને સર્જકો માટે તકો પૂરી પાડવા અને વૈશ્વિક પ્રેક્ષકોને યોજનાઓ પ્રદર્શિત કરવા તરફના એક પગલા તરીકે ભાર મૂક્યો.

## MORN-SYED-MODI-BADMINTON

ભારતીય ખેલાડી તન્વી શર્મા, ઉન્નતિ હુડા અને કિદામ્બી શ્રીકાંત ગઈકાલે લખનૌમાં રમાયેલી સૈયદ મોદી આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન સ્પર્ધાની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

સાંભળીએ અમારા સંવાદદાતા સુશીલ ચંદ્ર તિવારીનો અહેવાલ......

V/C: SUSHIL BADMINTON

## CHHATTISGARH-MAOISTS

છત્તીસગઢમાં, બસ્તર ક્ષેત્રના જગદલપુરમાં ગઈકાલે 10 માઓવાદીએ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું. શસ્ત્રો હેઠા મૂકનારાઓમાં ચૈતુનો પણ સમાવેશ થાય છે, જે ઝીરામ ખીણ હુમલાનો કથિત મુખ્ય આરોપી છે.

# MORN-INDONESIA-FLOODS

ઇન્ડોનેશિયામાં, આચેહ સહિતના વિસ્તારોમાં આવેલા પૂર અને ભૂસ્ખલનના કારણે મૃત્યુઆંક વધીને 174 થયો છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન એજન્સીના અહેવાલ મુજબ 79 લોકો હજુ પણ ગુમ છે અને 12 ઈજાગ્રસ્ત થયા છે.

ઉત્તર સુમાત્રા સૌથી વધુ પ્રભાવિત થયું છે, જેમાં 116 લોકોના મોત અને 42 લોકો ગુમ થયા છે. પૂર અને ભૂસ્ખલનના કારણે ઘણા જિલ્લાઓમાં રસ્તાઓ અને પુલોને નુકસાન થયું છે, જેના કારણે મોટી સંખ્યામાં લોકોને આશ્રયસ્થાનોમાં ખસેડવામાં આવ્યા છે.

# INDIA-IMO

ભારત વર્ષ 2026-27 માટે સૌથી વધુ મતો સાથે આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંગઠન-IMO પરિષદમાં ફરી વાર ચૂંટાયું છે. ગઈકાલે લંડન ખાતે IMO મહાસભાના 34મા સત્ર દરમિયાન પરિષદની ચૂંટણી યોજાઈ હતી. આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપારમાં સૌથી વધુ રસ ધરાવતા 10 દેશોની શ્રેણીમાં ભારતે સૌથી વધુ મતો મેળવ્યા છે.

કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે આ સિદ્ધિ પર આનંદ વ્યક્ત કરતા કહ્યું કે, આ ભારતના દરિયાઈ ક્ષેત્ર માટે ગર્વની ક્ષણ છે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, ભારતનો સૌથી વધુ મતો સાથે વિજય વૈશ્વિક શિપિંગમાં ભારતના રચનાત્મક નેતૃત્વમાં આંતરરાષ્ટ્રીય સમુદાયના મજબૂત વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. આ પરિષદમાં ત્રણ શ્રેણીમાં 40 ચૂંટાયેલા સભ્યોનો સમાવેશ થાય છે.

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- આજના તમામ અખબારોએ ભારત દુનિયાનો સૌથી શક્તિશાળી દેશ બન્યો છે તેને સમાચારની હેડલાઈન બનાવી છે.
- સંદેશ પ્રથમ પાને લખે છે દુનિયામાં ભારતનો ડંકો- સૌથી શક્તિશાળી દેશોમાં ત્રીજા ક્રમે
- ગુજરાત સમાચારની હેડલાઈન છે ભારતનો gdp વૃદ્ધિદર 8.2 ટકા, 18 મહિનામાં સૌથી વધુ....
- દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે 2032-33 સુધીમાં ભારતનું જ્વેલરી માર્કેટ 13.3 લાખ કરોડને આંબશે
- ફૂલછાબ લખે છે 61 ટકા ભારતભૂમિ ભૂકંપ સંભવિત ક્ષેત્ર..... રશિયાના પ્રમુખ પુતિન 4-5 ડિસેમ્બરે ભારતની મુલાકાતે....
- નવગુજરાત સમયની હેડલાઈન છે હરિદ્વારમાં 14મી જાન્યુઆરીથી અર્ધકુંભનો શુભારંભ થશે...
- અને સ્થાનિક સમાચારોમાં પ્રદૂષણની ગંભીર અસર.. હવે ૪૦ વર્ષની ઉમરમાં ફેફશા નબળા પડવા લાગ્યા.. SG હાઇવે પર રૂપિયા ૫૦૦ કરોડનો જમીનનો સોદા જેવા સમાચારોને સ્થાન મળ્યું છે